સ્તવનાદિ સંગ્રહ

[સ્નાત્રપૂજા યુક્ત]

-: સંપાદક :-

ભુરાભાઈ ફુલચંદ શાહ.

॥ વંદે શ્રી વીરમાનંદમ્ ॥

શાહ ચીમનલાલ જેઠાલાલનાં માતુશ્રી બાઇ કુંતી તરફથી

ભેટ

સ્તવનાદિ સંગ્રહ

[સ્નાત્રપૂજા યુક્ત]

સંપાદક

સંગીત પ્રેમી, શાહ ભુરાભાઈ ફુલચંદ.

卐

પ્રકાશક

શાહ ચીમનલાલ જેઠાલાલ.

શાહપુર કુવાવાળી પોળ, અમદાવાદ.

વિક્રમાર્ક ૧૯૯૭ | પ્રત ૨૨૫૦ | આવૃતિ ૧ લી

-: મૂલ્ય સદુપયોગ :-

ધન્યવાદ !

ધર્માનુરાગી, શાહ ચીમનલાલ જેઠાલાલ.

આ પુસ્તક ભેટ તરીકે પ્રસિદ્ધ કરવામાં આપની અમૂલ્ય પ્રેરણા અને ઉત્સાહભરી ધાર્મિક લાગણી સાથે આપે કરેલી લક્ષ્મીના સદ્ વ્યયને જ આભારી છે.

લી.

સંગ્રાહક.



શાહ ફુલચંદ ભીમચંદ. મુ. વલાદ.

સમર્પણ

પરમ પૂજ્ય પિતાશ્રી શાહ ફુલચંદ ખીમચંદ—

આપના પિતા અને મારા પૂજ્ય પિતામહ શ્રીયુત ખીમચંદભાઇમાં વિશાળ જ્ઞાન અને ઉત્તમ ધાર્મિક સંસ્કારો હતા. પોતાના વિચાર દોહન રૂપ "શ્રી જૈન તત્ત્વ સંગ્રહ" "જૈન માર્ગદિપીકા" વગેરે અતિ ઉપયોગી પુસ્તકો રચી જૈન બંધુઓની આગળ જૈન તરીકેની પોતાની ફરજ અદા કરી છે.

તેઓશ્રીના પુનિત પગલે ચાલી આપે પણ ધાર્મિક સંસ્કારો પ્રાપ્ત કરેલા છે. અને કંઈ પણ સક્રિય નિઃસ્વાર્થ સેવા કરવા માટે પ્રતિષ્ઠા, શાન્તિસ્નાત્ર, અને જ્યોતિષ શાસ્રાદિનો અભ્યાસ કરી હિંદના અનેક સ્થળોમાં ધાર્મિક ક્રિયાઓ કરાવી, જીવનની સફલતા રૂપ ફરજ બજાવી રહ્યા છો.

આપે મને યત્કિંચીત્ ધાર્મિક સંસ્કાર સાથે અદ્યાપિ પર્યંત પ્રતિષ્ઠાદિ ક્રિયાઓનું જ્ઞાન આપી, મારામાં ધર્મભાવનાનાં જે બીજ રોપ્યાં છે તે માટે હું આપનો અત્યંત ઋણી છું.

આવા આપના અનેકશઃ ઉપકારથી આકર્ષાઇ આ લઘુ પુસ્તક આપને સવિનય અર્પણ કરી અત્યાનંદ અનુભવું છું.

લી૦ આજ્ઞાંકિત

ભુરાભાઇ

પ્રસ્તાવના

ધર્મના પસાયથી મનુષ્ય આ ભવ અને પરભવનું ભલુ કરી શકે છે. આત્મ કલ્યાણની દૃષ્ટિએ વિચારીએ તો ભક્તિરસ પ્રધાન સંગીત ચોત્રીશ અતિશય અને આઠ પ્રાતિહાર્ય-લક્ષ્મીથી અલંકૃત તીર્થંકર પદવી મેળવી આપે છે. જુઓ-સ્વર્ણમયી લંકાપતિ રાવણે અષ્ટાપદ પર્વત ઉપર શ્રી જિનેશ્વર દેવ આગળ ભક્તિના ઉત્કર્ષથી તીર્થંકર નામગોત્ર ઉપાર્જન કર્યું. આ પણ એક ભક્તિરસ પ્રધાન સંગીતનો જ પ્રભાવ છે.

ભક્તિરસપ્રધાન સંગીત આધ્યાત્મિક ભાવો પેદા કરવાનું અમૂલ્ય સાધન છે. તે માટે આપણા પૂર્વાચાર્યોએ શાસ્ત્રોમાં પ્રથમથીજ સંગીત કલાને સ્થાન આપેલ છે. આપણા સાહિત્યમાં પૂજાઓ, સ્તવનો, સજ્ઝાયો કે પદો એના પ્રત્યક્ષ ઉદાહરણો છે. સંગીત-આધિ-વ્યાધિ, ભૂલાવી સ્વપરને આનંદ આપનાર તથા આરોગ્યને સારી અસર કરનાર વસ્તુ છે. ગાયક સુંદર રીતે અને ભાવપૂર્વક સ્તવનાદિ ગાતો હોય ત્યારે ગમે તેવા આત્માને પણ ઉચ્ચ શ્રેણીએ પહોંચાડે છે.

તે કારણથી જ આપણા પૂર્વ મહાપુરૂષોમાં સંગીતનું ખૂબ જ જ્ઞાન હતું.

સંગીત કલા એક મહાન વિદ્યા છે. તેમાં સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર ઘણા ઓછા થયા છે.

પ્રાચીન સંગીત અને આધુનિક સંગીત પરત્વે મારા વિચારો દર્શાવું છું.

પ્રાચીન તથા અર્વાચીન સંગીત—

પ્રાચીન સંગીત પદ્ધતિ સંગીન અને સાચી હતી. સંગીનતાથી જ સર્વ કાર્ય સંગીન–વ્યવસ્થિત બને છે. પ્રાચીન ધર્મચુસ્ત મહાજ્ઞાની કવિજનોએ શાસ્ત્રીય પ્રાચ્ય ભાવવાહી સંગીત પદ્ધતિમાં શાન્તરસ–કરૂણારસ–વૈરાગ્યરસ–ભક્તિરસ આદિ પ્રશસ્ત રસોની અનેકવિધ પુષ્ટિ કરેલી છે. પૂર્વ મહર્ષિઓનાં તે પદ્યો–સંગીત દરેક પ્રશસ્ત રસનું પોષણ આપવા પુરતાં જ છે એટલુંજ નહિ પરંતુ હજારો સુબોધ–કિરણોદ્વારા ભવ્યજનોના હૃદય કમળમાં અનેરો પ્રકાશ પાડવામાં સહસ્ર કિરણ સૂર્ય સમાન છે. અહો! તે પ્રાચ્ય પદ્યો ક્યાં? અને ખદ્યોત તુલ્ય અર્વાચીન આ પદ્યો ક્યાં? ખરેખર આકાશ જમીન જેટલું મહદ્ અંતર છે, છતાં પ....ણ....

આધુનિક સંગીતનું પ્રયોજન—

કાળ પરિવર્તનશીલ હોવાથી વર્તમાનકાળમાં–નાટક,

સીનેમા, બોલતી ફિલમો, રેડીયો, ગ્રામોફોનની રેકર્ડો વગેરે દ્વારા અવનવા રાગમયથી સંગીત અનેક રીતે પ્રસિદ્ધિ પામ્યું છે અને તે યુવક યુવતિ તેમજ બાળસમૂહને પોતાની તરફ વધુ આકર્ષી રહ્યું છે.

આ આધુનિક નાટક, સીનેમા, બોલતી ફિલમો, તથા રેકર્ડો વિગેરે દ્વારા પ્રચારમાં આવતું સંગીત પ્રાયઃ શૃંગારરૂપ હોય છે. અને તેથી કરી પરિણામે વિશેષ પ્રકારે વિષય કષાયના પંથે વિચરી જીવનને ભસ્મીભૂત કરી મૂકે છે આત્મા નિમિત્તવાસી એટલે કે મળતાં (માની લીધેલા) અનુકુળ આલંબનોમાં ઢળી જતો હોવાથી આવા સંગીતના ગાયકો તથા શ્રોતાઓ તે તરફ પ્રગતિ કરે એ સ્વાભાવિક છે. માટે તેઓ આવા શ્રૃંગાર પ્રધાન ગાયનોની ધૂનમાં પોતાના જીવનને વેડફી ન નાખે, તેનાથી બચવા અને આત્મ કલ્યાણના અર્થે આમાં નૂતન રાગના ગાયનોનું અવલંબન લેવામાં આવ્યું છે **વળી સાથોસાથ ભક્તિરસ, વૈરાગ્યરસ વિગેરે પ્રશસ્ત રસોના પોષણ દ્વારા નૂતન રાગના ગાયનોનો પ્રેમી વર્ગ તે નૂતન રાગથી પરમાત્માના ગુણોનો પ્રેમી બને.** એવા આશયથી આ "સ્તવનાદિ સંગ્રહ"માં નૂતન રાગનાં સ્તવનાદિનો સમુચ્ચય કરવામાં આવ્યો છે.

અમારા તરફથી નૂતન સ્તવનોનાં હેન્ડબીલ કેટલાંક છપાવેલાં

તે બધા સ્તવનોના સંગ્રહની બુક છપાવવા માટે ઘણા ભાઇઓની સતત માગણી હોવાથી પ્રાચીન તથા અર્વાચીન સ્તવનો પદો સજ્ઝાયો, અને સ્નાત્રપૂજા, શાન્તિકળશાદિનો સંગ્રહ કરી જનતા પ્રભુ ભક્તિમાં વધુ લાભ લે, એ દૃષ્ટિએ આ બુક છપાવી છે.

શરૂઆતમાં મેં સંગીતનો અભ્યાસ ગામ કડીના જુના અને અનુભવી ભોજક હેમચંદ લાલચંદ પાસે કર્યો હતો તેમણે ઘણા પ્રેમથી નિખાલસ મનથી મહેનત કરી સંગીતનો અભ્યાસ કરાવ્યો છે તે બદલ તેમનો ઉપકાર માનું છું. ત્યારબાદ શાસ્ત્રીય સંગીતનું ઉચ્ચ પ્રકારનું જ્ઞાન ધરાવનાર જાણીતા સંગીતરત્ન ગંધર્વ ગોરધનદાસે કેટલોક અભ્યાસ કરાવી, તેમણે પદ્ધતિસર સંગીતનો પરિચય વધારવામાં જે સહાય કરી છે. તે માટે તેમનો પણ આ સ્થાને આભાર માનવો ઘટે છે.

આ બુકમાં જે જે મહાશયોએ પોતાની કૃતિઓ આપી છે તેમજ સહાનુભુતિ દર્શાવી છે તે સર્વેનો ભૂરિભૂરિ આભાર માનું છું.

પ્રાન્તે આ "સ્તવનાદિ સંગ્રહ" દ્વારા ભવ્ય જીવો ભક્તિ ભાવથી તરણ તારણ શ્રી જિનેશ્વર દેવના ગુણગાન ગાઈ, ભક્તિ પ્રધાન મનુષ્ય જન્મ જીવી, સ્વકીય કર્મપંકથી નિર્મળ બની, યાવત્ અખંડ મુક્તિ સુખના ભાજન બનો.

એવા શુભ આશયપૂર્વક અનાભોગ વિલસિત સ્ખલનાઓ તથા પ્રેસદોષને અંગે રહી ગએલ અશુદ્ધિઓ, ભૂલો તેમજ ત્રુટીઓ માટે 'મિથ્યાદુષ્કૃત' દઈ સુજ્ઞ વાંચક વર્ગ સુધારી વાંચવા કૃપા કરશે. એજ અભ્યર્થના.

લી૦

વિક્રમાર્ક ૧૯૯૭
વૈશાખ વદિ ૧૦

ભુરાભાઈ ફુલચંદ શાહ
શાહપુર, મંગળપારેખનો ખાંચો,
રેવાદાસની પોળ, અમદાવાદ

અનુક્રમણિકા

પંજાબ કેસરી શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી શિષ્ય
તપોનિધિ મુનિશ્રી વિવેકવિજયજી શિષ્યરત્ન
આચાર્યશ્રી વિજયઉમંગસૂરીજી સંશોધિતઃ-

અપૂર્વ ગ્રંથ !

ઉત્તરાધ્યયન સૂત્ર-(શ્રીનેમિચંદ્રાચાર્ય કૃત) કિં. ૪-૦-૦
ઋષિમંડલવૃત્તિ (પદ્મમંડનગણીકૃત ટીકાવાળી) કિં. ૪-૪-૦
સુદંસણા ચરિયં (યાને સમલિયા વિહારો) કિં. ૧-૮-૦
સાધુ સાધ્વી આવશ્યકક્રિયાનાં સૂત્રો કિં. ૦-૩-૦
કથાચતુષ્ટયી કિં. ૦-૪-૦
× શ્રી સંક્ષેપ સમરાદિત્ય ચરિતમ્ (ભેટ)
× ચંદ્રપ્રભ ચરિતમ્ (ભેટ)

મળો યા લખોઃ—
માસ્તર છોટાલાલ નાનચંદ
પાંજરા પોળ, કોટન ચાલ,
અમદાવાદ.

પ્રકાશક
શાહ ફુલચંદ ખીમચંદ
મુ. વલાદ A. P. Ry.
(જીલ્લા અમદાવાદ)

× આ પુસ્તકો હાલ સીલીકમાં નથી.

શ્રી સ્નાત્રપૂજા અને વિધિ.

સ્નાત્ર–વિધિ.

૧. પ્રથમ ત્રણ ગઢને બદલે સુંદર ત્રણ બાજોઠ મૂકી તે ઉપર સિંહાસન મૂકવું.

૨. પછી નીચેના બાજોઠ ઉપર વચમાં કેસરનો સાથીયો કરી ઉપર ચોખા પુરીને શ્રીફળ મૂકવું.

૩. પછી તેજ બાજોઠ ઉપર કેશરના સાથીયા આગળ બીજા ચાર સાથીયા કરી તે ઉપર ચાર કળશ પંચામૃત ભરી દરેક કળશને નાડાછડી બાંધીને મૂકવા.

૪. સિંહાસનના મધ્ય ભાગમાં કેશરનો સાથીયો કરી ચોખા પુરી રૂપાનાણું મૂકી ત્રણ નવકાર ગણી તેના ઉપર ધાતુના પ્રતિમાજી પધરાવવા.

૫. વળી પ્રતિમાજીની આગળ બીજો સાથીયો કરી તેના ઉપર સિદ્ધચક્રજી પધરાવવા.

૬. પ્રતિમાજીની જમણી બાજુએ પ્રતિમાજીની નાસીકા સુધી ઉંચો ઘીનો દીવો મૂકવો.

૭. પછી સ્નાત્રીયાઓએ હાથે નાડાછડી બાંધી હાથમાં પંચામૃત ભરેલો કળશ લઈ ત્રણ નવકાર ગણી પ્રભુજીને તેમજ સિદ્ધચક્રજીને પખાળ કરવો.

૮. પછી વાળાકુંચી કરી પાણીનો પખાળ કરી ત્રણ અંગલુહણા કરી કેસર વડે પૂજા કરવી.

૯. પછી હાથ ધુપી પોતાના જમણા હાથની હથેળીમાં કેસરનો ચાંલ્લો કરવો.

૧૦. પછી કુસુમાંજલીનો થાળ લઇ સ્નાત્રીયાઓએ ઉભા રહેવું.

પંડિત શ્રી વીરવિજયજી કૃત

સ્નાત્ર પૂજા

(પ્રથમ કળશ લઇ ઉભા રહેવું.)

॥ કાવ્યં દ્રુતવિલંબિત વૃત્તમ્ ॥

સરસ શાન્તિ સુધારસ સાગરં, શુચિતરં ગુણરત્ન મહાગરં ॥ ભવિકપંકજ બોધ દિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં ॥ ૧ ॥

(અહીં પખાલ કરવો.)

॥ દોહા ॥

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક ॥
મજ્જનપીઠે થાપીને, કરીયે જળ અભિષેક ॥ ૨ ॥

(કુસુમાંજલિની થાળી લઇ ઉભા રહેવું.)

॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥

જિણજમ્મસમય મેરૂ-સિહરે, રયણ કણય કલસેહિં ॥
દેવાસુરહિણ્હવિઉ, તે ધન્ના જેહિં દિઠ્ઠોસિ ॥ ૨ ॥

(પ્રભુના જમણા અંગૂઠે કુસુમાંજલિ મૂકવી.)

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

નિર્મલ જળ કલશે ન્હવરાવે, વસ્ત્ર અમુલક અંગ ધરાવે ॥ કુસુમાંજલિ મેલો આદિ જિણંદા ॥ સિદ્ધ સ્વરૂપી અંગ પખાલી, આતમ નિર્મળ હુઇ સુખમાલી ॥ કુ૦॥ ॥૪॥

॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥ ઢાળ ॥

મચકુંદચંપમાલઈ, કમલાઈં પુપ્ફપંચ વણ્ણાઈં ॥
જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલિ દિંતી ॥ ૫ ॥
નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય: ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુ ચરણે દિજે ॥ કુસુમાંજલિ મેલો શાન્તિ જિણંદા ॥ ૬ ॥

॥ દોહા ॥

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણ ભંડાર ॥
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર ॥ ૭ ॥
નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય : ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

કૃષ્ણાગરૂ વર ધૂપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે, કુસુમાંજલી મેલો નેમિ જિણંદા ॥ ૮ ॥

॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥

જસુપરિમલબલદહદિસિ, મહુકરઝંકાર સદ્દસંગીયા ॥

જિણુ ચલણોવરિમુક્કા, સુરનર કુસુમાંજલિ સિદ્ધા ॥ ૯ ॥
નમોડર્હંત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય : ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

પાસ જિણેસર જગ જયકારી જલ થલ ફુલ ઉદક કર-ધારી ॥ કુસુમાંજલિ મેલો પાર્શ્વજિણંદા. ॥ ૧૦ ॥

॥ દોહા ॥

મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણુ સુકુમાલ ॥
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણુ કાળ. ॥૧૧॥
॥ નમોર્હત્૦ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

વિવિધ કુસુમ વર જાતિ ગહેવી, જિનચરણે પણમંત ઠવેવી ॥ કુસુમાંજલિ મેલો વીર જિણંદા ॥ ૧૨ ॥

॥ વસ્તુ ॥ છંદ ॥

ન્હવણુકાળે ન્હવણુકાળે, દેવદાણુવ સમુચ્ચિય ॥ કુસુમાં-જલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય ॥ જિણુપયકમલે નિવડેઇ, વિગ્ઘહર જસ નામ મંતો ॥ અનંત ચઉવીસ જિન, વાસવ મલિય અસેસ ॥ સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિસેસ ॥ કુસુમાંજલિ મેલો ચઉવીસ જિણંદા ॥ ૧૩ ॥

॥ નમોર્હત્૦ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

અનંત ચઉવીસી જિનજી જુહારૂં, વર્તમાન ચઉવીસી સંભારૂં ॥
કુસુમાંજલિ મેલો ચોવીશ જિણંદા ॥ ૧૪ ॥

॥ દોહા ॥

મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીશ ॥
ભક્તિ ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ ॥ ૧૫ ॥

॥ નમોર્હત્‌૦ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

અપછરમંડલિ ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા ॥
કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા ॥ ૧૬ ॥

॥ ઇતિ શ્રી કુસુમાંજલિ ॥ ઢાળ ॥

પછી સ્નાત્રીયા ત્રણ ખમાસમણ દેઈ જગચિંતામણિનું ચૈત્યવંદન કહી "નમુથ્થુણં" કહી જયવીયરાય પર્યંત કહે. પછી હાથ ધુપી મુખકોશ બાંધી કળશ લેઇ ઉભા રહીને કળશ કહે. તે કળશ—

॥ અથ કળશ ॥ દોહા ॥

સયલ જિણેસર પાય નમી, કલ્યાણકવિધિ તાસ ॥
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ

રમ્યા ॥ વીશ સ્થાનક વિધિએ તપ કરી, એસી ભાવદયા દિલમાં ધરી ॥ ૧ ॥ જો હોવે મુજ શક્તિ ઇસી, સવિ જીવ કરૂં શાસન રસી ॥ શુચિરસ ઢલતે તિહાં બાંધતાં તીર્થંકર નામ નિકાચતા ॥ ૨ ॥ સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી ॥ ચ્યવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવી કુલે ॥ ૩ ॥ પટરાણી કુખે ગુણનિલો, જેમ માનસરોવર હંસલો ॥ સુખશય્યાયે રજની શેષે, ઉતરતાં ચઉદ સુપન દેખે ॥ ૪ ॥

॥ ઢાળ સ્વપ્નની ॥

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઇઠ્ઠો, ત્રીજે કેશરી-સિંહ, ચોથે લક્ષ્મી અબિહ ॥ ૧ ॥ પાંચમે ફૂલની માળા, છઠ્ઠે ચંદ્ર વિશાળા ॥ રવિ રાતો ધ્વજ મહોટો, પૂરણ કળશ નહીં છોટો ॥ ૨ ॥ દશમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર ॥ ભુવનવિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી ॥ ૩ ॥ સ્વપ્ન લહી જઈ રાયને ભાષે, રાજા અર્થ પ્રકાશે ॥ પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે ॥ ૪ ॥

॥ વસ્તુ છંદઃ ॥

અવધિ નાણે અવધિ નાણે, ઉપરના જિનરાજ ॥ જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર ॥ મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મઉદય પરભાતસુંદર, માતા પણ આનંદિયા, જાગતી ધર્મ વિધાન, જાણંતી જગતિલક, સમો, હોશે પુત્ર પ્રધાન ॥ ૧ ॥

॥ દોહા ॥

શુભલગ્ને જિન જનમિયા નારકીમાં સુખ જ્યોત,
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત ॥ ૧ ॥

॥ ઢાળ ॥ કડખાની દેશી ॥

સાંભળો કળશ જનમહોત્સવનો ઇહાં ॥ છપ્પન કુમરી દિશિ, વિદિશિ આવે તિહાં ॥ માય સુત નમીય, આણંદ અધિકો ધરે ॥ અષ્ટ સંવર્ત્ત વાયુથી કચરો હરે ॥ ૧ ॥ વૃષ્ટિ ગંધોદકે, અષ્ઠ કુમરી કરે ॥ અષ્ટ કલશા ભરી. અષ્ટ દર્પણ ધરે ॥ અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી ॥ ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી ॥ ૨ ॥ ઘર કરી કેળના, માય સુત લાવતી ॥ કરણ શુચીકર્મ જળ, કલશે ન્હવરાવતી ॥ કુસુમ પૂજી, અલંકાર પહેરાવતી ॥ રાખડી બાંધી જઇ. શયન પધરાવતી ॥ ૩ ॥ નમીય કહે માય તુજ, બાળ લીલાવતી ॥ મેરૂ રવિ ચંદ્ર લગે, જીવજો જગપતિ ॥ સ્વામિ ગુણ ગાવતી, નિજ ઘર જાવતી ॥ તેણે સમે ઇંદ્ર સિંહાસન કંપતી ॥ ૪ ॥

॥ ઢાળ ॥ એકવીશાની દેશી ॥

જિન જન્મ્યાજી, જિણ વેળા જનની ઘરે ॥ તિણ વેળાજી, ઈંદ્ર સિંહાસન થરહરે ॥ દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા ॥ દિશિનાયકજી, સોહમ ઈશાન બિહું તદા ॥ ૧ ॥

॥ ત્રોટક છંદ ॥

તદા ચિંતે ઈંદ્ર મનમાં, કોણ અવસર એ બન્યો ॥

।જનજન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો ।। ૧ ।। સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સુરમે કરે ।। સવિ દેવી દેવા જન્મમહોત્સવે, આવજો સુરગિરિવરે ।। ૨ ।।

અહીં ઘંટ વગાડવો.

।। ઢાળ ।। પુર્વલી ।।

એમ સાંભળીજી સુરવર કોડિ આવી મળે ।। જન્મ મહોત્સવજી, કરવા મેરૂ ઉપર ચલે ।। સોહમપતિજી, બહુ પરિવારે આવીયા ।। માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા ।। ૩ ।।

(પ્રભુને ચોખાથી વધાવવા.)

।। ત્રોટક ।।

વધાવી બોલે હે રત્નકુક્ષી, ધારિણી તુજ સુતતણો ।। હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિ ઘણો ।। એમ કહી જિન પ્રતિબિંબ સ્થાપી, પંચ રૂપે પ્રભુ ગ્રહી ।। દેવ દેવી નાચે હર્ષ સાથે. સુરગિરિ આવ્યા વહી. ।। ૪ ।। ।। ઢાળ ।। પૂર્વલી ।। મેરૂ ઉપરજી પાંડુકવનમેં ચિહું દિશે ।। શિલા ઉપરજી. સિંહાસન મન ઉલ્લસે ।। તિહાં બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા, હરિ ત્રેસઠજી. બીજા તિહાં આવી મળ્યા ।। ૫ ।।

।। ત્રોટક ।।

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના ।। માગધાદિ જળ તીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના ।।

અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે ॥ ખીરજલધિ ગંગાનીર લાવો, ઝટિતિ જિન મહોત્સવે ॥ ૬ ॥

॥ ઢાળ ॥ વિવાહલાનો દેશી ॥

સુર સાંભળીને સંચરીયા, માગધ વરદામે ચલીયા ॥ પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશ ભરાવે ॥ ૧ ॥ તીરથ જળ ઓષધી લેતા. વળી ખીરસમુદ્રે જાતા ॥ જળ કળશા બહુલ ભરાવે, ફુલ ચંગેરી થાળા લાવે ॥ ૨ ॥ સિંહાસન ચામર ધારી. ધૂપધાણું રકેબી સારી ॥ સિદ્ધાંતે ભાખ્યાં જેહ, ઉપકરણ મિલાવે તેહ ॥ ૩ ॥ તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે ॥ કળશાદિક સહુ તિહાં ઠાવે, ભકતે પ્રભુના ગુણ ગાવે. ॥ ૪ ॥

॥ ઢાળ ॥ રાગ ધનાશ્રી ॥

આતમભકિત મળ્યા કેઈ દેવા, કેતા મિત્તનું જાઈ ॥ નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મીધર્મ સખાઇ ॥ જોઇસ વ્યંતર, ભુવનપતિના, વૈમાનિક સુર આવે ॥ અચ્યુતપતિ, હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે ॥ આ૦ ॥ ॥ ૧ ॥ અડ જાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો ॥ ચઉસઠ્ઠ સહસ્ર હુઆ અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો ॥ સાઠ લાખ ઉપર એક કોડિ; કળશાનો અધિકાર ॥ બાસઠ ઈંદ્રતણા તિહાં બાસઠ લોકપાલના ચાર ॥ આ૦ ॥ ૨ ॥ ચંદ્રની પંકિત છાસઠ, છાસઠ, રવિસેણી નરલોકો ॥ ગુરૂસ્થાનક સુર

કેરો એકજ, સામાનિકનો એકો ।। સોહમપતિ ઈશાનપતિની, ઇંદ્રાણીના સોલ ।। અસુરની દશ ઇંદ્રાણી નાગની. બાર કરે કલ્લોલ ।। આ૦ ।। ૩ ।। જ્યોતિષ વ્યંતર ઇંદ્રની ચઉચઉ, પર્ષદા ત્રણનો એકો ।। કટકપતિ અંગરક્ષક કેરો એકએક સુવિવેકો ।। પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો ।। ઇશાનઇંદ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો ।। આ૦ ।। ૪ ।। તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે ।। વૃષભરૂપ કરી શ્રૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે ।। પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગ રોલે ।। મંગળ દીવો આરતી કરતાં, સુરવર જય જય બોલે ।। આ૦ ।। ૫ ।। ભેરી ભૂંગલ તાલ બજાવત, વળિયા જિન કર ધારી ।। જનની ઘર માતાને સોંપી, એણિપરે વચન ઉચ્ચારી ।। પુત્ર તુમારો સ્વામી હમારો, અમ સેવક આધાર ।। પંચધાવિ રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણહાર ।। આ૦ ।। ૬ ।। બત્રીશ કોડિ કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે ।। પૂરણ હર્ષ કરેવાકારણ, દ્વીપ નંદીસર જાવે ।। કરીય અઠ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે ।। દીક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે ।। આ૦ ।। ૭ ।। તપગચ્છ ઈસરસિંહ સૂરીશ્વર, કેરા શિષ્ય વડેરા ।। સત્યવિજય પન્યાસતણે પદ, કપૂરવિજય ગંભીરા ।। ખિમાવિજય તસ સુજશવિજયના, શ્રી શુભવિજય સવાયા ।। પંડિત વીરવિજય શિષ્યે જિન, જન્મ મહોત્સવ ગાયા ।। આ૦ ।। ૮ ।। ઉત્કૃષ્ટા એકસો

ને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ ।। અતીત અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ ।। સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઈ ।। મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ ।। આ૦ ૯ ।।

અહીં કળશાભિષેક કરીયે, પછી દુધ, દહીં, ઘૃત, જળ અને શર્કરા એ પંચામૃતનો પખાલ કરીને પછી પૂજા કરીએ ને ફુલ ચઢાવીએ. પછી લૂણ ઉતારી આરતી ઉતારવી. પછી પ્રતિમાજીને આડો પડદો રાખી સ્નાત્રીઆએ પોતાના નવ અંગે કંકુના ચાંલ્લા કરવા, પછી પડદો કાઢી નાંખી મંગલ દીવો ઉતારવો.

શ્રી શાંતિ જિન કલશ.

।। કાવ્ય ।।

શ્રેય: શ્રી જય મંગલાભ્યુદયતા–વલ્લીપ્રરોહાંબુદો ।
દારિદ્રય દ્રુમકાનનૈકદલને મત્તોધ્ધુર: સિંધુર: ।।
વિશ્વેડસ્મિન્ પ્રગટ પ્રભાવમહિમા–સૌભાગ્યભાગ્યોદય: ।
સ: શ્રી શાંતિજિનેશ્વરોડભિ મતદો, જીયાત્ સુવર્ણચ્છવિ: ।।૧।।

।। ગદ્ય પાઠ ।।

અહો ભવ્યા: । શૃણુત તાવત્ સકલ મંગલમાલા-કેલીકલનલ સનકમલીલાસકલ કરો લંબિતાં ચિત્તવૃત્તયો વિહિત શ્રી જિનેન્દ્ર ભક્તિ વૃત્તય: સાંપ્રતં શ્રીમત્ શાંતિ-જિન જન્માભિષેક કલશં.

ઢાળ–રાગ વસંત આરામમંદરભાવ–એ દેશી

શ્રી શાંતિ જિનવર સયલ સુખકર કલશ ભણિએ તાસ, જીમ ભવિકજનને સર્વ સંપત્તિ બહુલ લીલવિલાસ; કુરૂ-નામે જનપદ તિલક સમોવડ હથ્થિણાઉર સાર, જિણિનયરિ કંચણ રયણ ધણધણ સુગુણજણ આધાર ॥ ૧ ॥ તિહાં રાય-રાજે બહુ દિવાજે વિશ્વસેન નરિંદ, નિજ પ્રકૃતિ સોમહ તેજી તપનહ માનુચંદ દિણંદ; તસ પણયખાલી નૃપ પટ્ટ-રાણી નામે અચિરા નાર, સુખ સેજ સુતાં ચૌદ પેખે સુપન સાર દુવાર ॥ ૨ ॥ શ્રી શાંતિકરણ જિન શાંતિ જિનેસર દેવ, જે યોગ ક્ષેમંકર જગહિતકર નિતમેવ; વિશ્વસેન નરે-સર વંશમહોદધિ ચંદ, મૃગલંછન કંચન વાને શમ સુખ કંદ ॥ ૩ ॥ જે પંચમ ચક્રી સોલસમો જિનરાય, જસ નામે સઘળાં ઇત ઉપદ્રવ જાય; આવી ઉપન્ના અચિરાદેવી કુખે, નિજ મુખ ઉતરતાં ચૌદ સુહણાં દેખે ॥ ૪ ॥

(દુહા)

ભાવારથ જેહવા હુસ્યે, દ્રવ્ય ભાવથી જેહ;
જિણગુણ દાખું લેશથી, મતિમંદે કહું તેહ.

ઢાળ–તેહીજ સામેરી તથા નટ્ટગાઇરે.

ઉન્નત સિત ગજવર ચઉવિધ ધર્મ કહંત, માનુ મોહ-મહાગઢ તસ સિર દોટ દિયંત; ઐરાવણ પતિ નતિ સેવિત ચઉગતિ અંત, તિણ હેતે પ્રથમ ગજ સુપને શુભ ચઉદંત

॥ ૧ ॥ સંયમ ભાર વહેવા ધોરી વૃષભ કહાવે, ભરતે ભવિ ક્ષેત્રે બોધિ બીજ વર વાવે; જસ ઉન્નત કુકુમ ઉન્નત ગોત્ર ને વશ, સિત અમૃત મંગલ મુખ બીજે વૃષભ અવતંસ ॥ ૨ ॥ પરતીર્થિક સ્વાપદ પીડિત ભવિવન રાખે, એકલ મલ્લ દુર્દ્ધર સિંહ પરાક્રમ દાખે; પરિસહ ગજ ભેદી નહિ અસહાય અબીહ એહવો એ હોસ્યે આવી ઈમ કહે સિંહ ॥ ૩ ॥ દેઈ વાર્ષિક દાને જિનપદ લચ્છી લહેસે, મુજ ચાપલદુષણ એહને સંગે મિટસ્યે; જડકંટક સંગિ નિજકજ છંડિ વાસ, કરે લક્ષ્મી ચોથે સુપને અર્થ વિલાસ ॥ ૪ ॥ ત્રિભુવન શિર ધરશે જસ આણા સુરધામ, નિજ જસભર સુરભિત જગત હોસ્યે ઉદ્દામ; એ પંચમ સુહણે છઠ્ઠે શસિ-ધર દેખે, નિકલંક હું થાઉં તુજ સુત સંગ વિશેખે ॥ ૫ ॥ કુવલયે મુદ દેસ્યે શમ ચંદ્રા તપ યુક્ત, હવે સપ્તમે દિન-કર મિથ્યા તિમિર વિમુક્ત; ભવિ કમલ વિકાસે માનુ કહે પુષ્પદંત, તુમ સુતપરિ અમચો નિત્ય ઉદય પભણંત ॥ ૬ ॥ કુલધ્વજ તુમ નંદન ધર્મ્મધ્વજે સોહંત, સવિ ત્રિભુવન માંહે એહીજ એક મહંત; ઈમ અટ્ઠમ સુહણે ભવિકને ભાવ જણાવે; હવે નવમે કુંભો સુપને એમ કહાવે ॥ ૭ ॥ જ્ઞાન, દર્શન, ચારિત્ર ધર્મ મહા પ્રાસાદ, તસ શિખરે ઠવશે આતમ નહિ વિખવાદ; દશમે પદમ સરોવર સુકૃતકજ પદ ઠાવે, એ પાવન કરશે જ્ઞાનાંજલિ મંગલ ભાવે ॥ ૮ ॥ તુજ સુતગુણ રયણે ગંભિરો સુગુણ મહેઠો; થયો જાણી સેવે ખીર સમુ-

દ્રજ મીઠો, તેહ ભણી મુજનીરે હોજ્યો તનુપરિભોગ, એકાદશ સુહણે માનુ એ વિનતિ યોગ ॥ ૯ ॥ વળી ભવન વિમાનાધિપ ચઉ દેવનિકાય, સેવિત એ હોસ્યે પાસે સુર સમુદાય; બારમે એ જાણો તેરમે રયણનો રાશિ, ધન કંચન દેઇ કરશે ત્રિગડે વાસિ ॥ ૧૦ ॥ જ્ઞાનાદિક ગુણમણિ દેશે ભવિને એહ, વરવારિકાઘોષી પૂરવ પરિગુણ ગેહ; નિજકર્મ ઇંધણને ધ્યાનાનલસ્યું જાલી, નિજ આતમ નિર્મલ કંચનપરિ અજુઆલી ॥ ૧૧ ॥ નિર્ધ્રૂમ અગ્નિસમ ભવિસોવનકરિ શુદ્ધ; ચૌદસમે સુહણે અષ્ટકર્મક્ષયે સિદ્ધ; ચૌદરાજની ઉપર કરશે જે અહિઠાણ, તેહ ભણિ સંપૂરણ ચૌદ સુપન મંડાણ ॥ ૧૨ ॥ ગુણલક્ષણ લક્ષિત અતિ સુંદર આકાર, જિન માતા ચૌદે દેખે સુપન ઉદાર; પણ ચક્રિ માતા કાંઇક તેજે હિણ, દેખે દોઈ પદધર દોઈવાર ગુણપીણ ॥ ૧૩ ॥ કુલકીરતી થંભો કુલોદ્ધાર કુલમેર, કુલ સુરતરૂપાદપ જેહને નહિ ભવફેર, કુલ મંડણ દિપક જીપક દુસમન કોડિ; ત્રિભુવન જસ ભગતિ નમશે પદ કરજોડિ ॥ ૧૪ ॥ વળી હોડી ન એહની કરતા ભવન મઝાર, લોકોત્તર ચરિતે ધન્ય હોશે અવતાર; વળી જ્ઞાનવિમળ ગુણ જેહના કહેતાં પાર; ન લહે મુખ કહેતાં જો સુરગુરૂ અવતાર ॥ ૧૫ ॥

॥ ઇતિ શાંતિજિન ચૌદ સુપનાર્થં સ્તવનં ॥

॥ ઢાળ ॥

સવ્વઠ્ઠ સીદ્ધ વીમાનથી તવ ચવીય ઉયરી ઉપન્ન, બહુ-લદ્દ મદ્દવ કસિણુ સત્તમિ દિવસ ગુણુસંપુન્ન; તવરોગ સોગ વિયોગ વિદ્રુર મારીઈતિ શમંત, વરસયલ મંગલ કેલિકમલા ઘરઘરે વિલસંત ॥ ૧ ॥ વરચંદ યોગે જિઠ્ઠતેરસવેદિન થયો જન્મ; તાં મજ્જરયણી દીશા કુમરી કરે સુઈકમ્મ; તવ ચલિય આસણુ ઇંદમુણિય સવી હરિ ઘંટનાદેમેલિ, સુરવિંદ સંઠે મેરૂપછે રચ્ચે મંજ્જણુકેલિ ॥ ૨ ॥

ઢાળ—નાભીરાયા ઘરિ નંદન જનમીયા–એ દેશી ॥

વિશ્વસેન નૃપ ઘરિ, નંદન જનમીયા એ
તિહુયણુ ભવિયણુ પ્રેમશું પ્રણુમિયા એ.

॥ ત્રુટક ॥

પ્રણુમિયા ચઉસઠિ ઇંદ, લેઈ ઠવે મેરૂ ગિરીંદ; સુરનદીય નીર સમીર, તિહાં ક્ષીરજલનિધિ નીર ॥ ૧ ॥ સિંહાસણે સુરરાજ, તિહાં મલ્યા દેવ સમાજ; સવિ ઔષધીની જાત, તીહાં સરસ કમલ વિખ્યાત ॥ ૨ ॥

॥ તાલ ॥

વિખ્યાત વિવિધ પરિકર્મના એ,
તિહાં હરષભર સુરભી વર દામના એ ॥

॥ ત્રુટક ॥

વરદામ માગધ નામ, જેહતીર્થ ઉત્તમ ઠામ; તિહાં તણી માટી સર્વ, કર ગ્રહે સર્વ સુપર્વ ॥ ૩ ॥ બાવના

ચંદન સાર, અભીઓગી સુર અધીકાર; મન ધરી અધીક આણુંદ, અવલોકતા જિનચંદ ॥ ૪ ॥

॥ તાલ ॥

શ્રી જિનચંદને સુરપતી સવિ ન્હવરાવતાએ
નિજ નિજ જન્મ સુકૃતારથ ભાવતાએ.

॥ ત્રુટક ॥

ભાવતા જનમ પ્રમાણુ, અભિષેક કળશ મંડાણુ; સાઠિ લાખને એક કોડિ, શત દોયને પચાસ જોડિ ॥ ૫ ॥ આઠ જાતિના તે હોય, ચઉસઠ્ઠી સહસા જોય; ઇણિપરિં ભક્તિ ઉદાર, કરે પૂજા વિવિધ પ્રકાર ॥ ૬ ॥

॥ તાલ ॥

વિવિધ પ્રકારના કરીય સિણગારુવાએ
ભરિય જલ વિમલના વિપુલ ભૃંગારવાએ.

॥ ત્રુટક ॥

ભૃંગાર થાલ ચંગેરી, સુપ્રતિષ્ટ પ્રમુખ સૂભેરી; સવિ કલસપરિમંડાણુ. તે વિવિધ વસ્તુ પ્રમાણુ ॥ ૭ ॥ આરતિ મંગલ દીપ જિનરાજને સમીપ, ભગવતિ ચુર્ણિ માંહિ, અધિકાર એહ ઉછાંહિં ॥ ૮ ॥

॥ તાલ ॥

અધિક ઉછાહિંશ્યું હરષ જલ ભીંજતાએ
નવનવ ભાંતિશ્યું ભક્તિભર કીજતાએ.

॥ ત્રુટક ॥

ક્જિતા નાટિક રંગ, ગાજતા ગુહિર મૃદંગ, કિરકીર તંહા કઠતાલ, ચઉતાલ તાલ કંસાલ ॥ ૯ ॥ શંખપણુવ ભુંગલ ભેરી, ઝલ્લરી વીણા નફેરી; એક કરે હયહયકાર, એક કરે ગજગુલકાર ॥ ૧૦ ॥

॥ તાલ ॥

ગુલકાર ગરજના ૨વ કરે એ, પાય દુર દુર ધુર સુર ધરેએ

॥ ત્રુટક ॥

સુરધરે અતિ બહુમાન, તિહાં કરેનવનવ તાન; વર વિવિધ જાતિં છંદ, જિનભક્તિ સુરતરૂ કંદ ॥ ૧૧ ॥ વલી કરે મંગલ આઠ, એ જંબુપન્નત્તિ પાઠ; થય થુઈ મંગલ એમ, મનધરી અતિ બહુ પ્રેમ ॥ ૧૨ ॥

॥ તાલ ॥

પ્રેમ સુઘોષણા પુન્યની સુર સહુએ
સમકિત પોષણા, શિષ્ટ સંતોષણા ઈમ બહુએ

॥ ત્રુટક ॥

બહુ પ્રેમસ્યું સુખ ખેમ, ઘરે આવીયા નિધિ જેમ; બત્રીસ કોડિ સુવર્ણ, કરિ વૃષ્ટિ રયણ નિધન્ન ॥ ૧૩ ॥ જિન-જનની પાસે મેહલિ, કરે અઠાઈની કેલિ, નંદિસરે જિનગેહ, કરે મહોચ્છવ સસનેહ ॥ ૧૪ ॥

॥ ઢાળ ॥

હવે રાય મહોચ્છવ કરે રસભર હુવો જબ પરભાત, સૂરપૂજીઆ સુત નયણે નિરખી હરખીઓ તવ તાત, વરધ્ર્વ વલ મંગલ ગીત ગાને સધવ ગાએ રાસ; બહુ દાને માને સુખીયા કીધા સકલ પૂગી આસ ॥ ૧ ॥ પંચરવણી કુસુમ વાસિત ભૂમિકા સંલિત્ત, વર અગર ચંદન ધુપ ધુપણા છાંટા કુંકુમ દિત્ત, શિર મુગટ મંડળ કાને કુંડલ હઈએ નવસર હાર, ઇમ સયલ ભૂષણ ભૂષિતાંબર જગતજન પરિવાર ॥ ૨ ॥ જિન જન્મ કલ્યાણક મહોચ્છવે, હુઓ ચૌદ ભુવન ઉદ્યોત, નારકી થાવર પ્રમુખ સુખીયા, સકલ મંગલ હોત; દુઃખ દુરિત ઇત શમંત, સઘળે જિનરાજ જન્મ પ્રતાપ, તિણે હેતે શાંતિ કુમાર, ઠવીઓ નામ ઇતિ આલાપ ॥ ૩ ॥ ઇમ શાંતિ જિનનો કલશ ભણતાં હોએ મંગલ માલ, કલ્યાણ કમલા કેલિ કરતાં લહિએ લીલવિસાલ; જિન સ્નાત્ર કરીએ સહજે તરીએ ભવસમુદ્ર અપાર, શ્રી જ્ઞાનવિમલ સૂરીંદ જંપે શ્રી શાંતિ જિન જય જયકાર ॥ ૪ ॥ ઇતી ॥

॥ ઇતિ શ્રી શાંતિ જિન કળશઃ ॥

પખાળ કરતી વખતની ઢાળ.

મેરૂશીખર ન્હવરાવે હો સુરપતી ॥ એ ટેક ॥ જન્મકાળ જિનવરજીકો જાણી, પંચરૂપ કરી ભાવે ॥ સુર૦ ॥ ૧ ॥ રતન પ્રમુખ અડજાતીના કળશા, ઔષધી ચુરણ મીલાવે ॥ ખીર સમુદ્ર તીર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગાવે ॥ સુર૦ ॥ ૨ ॥ એણીપરે જિન પ્રતીમાકો ન્હવણ કરી, બોધિબીજ માનું વાવે ॥ અનુક્રમે ગુણરત્નાકર ફરસી, જીન ઉત્તમ પદ પાવે ॥ સુરપતી૦ ॥ ૩ ॥

શ્રી વીરવિજયજી કૃત

અષ્ટપ્રકારી પૂજાના દુહા

જલ-પૂજાના દુહા

જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જલપૂજા ફલ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ. ૧

ૐ હ્રીં શ્રીં પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મજરા મૃત્યુનિવારણાય
શ્રીમતે જિનેંદ્રાય જલં યજામહે. સ્વાહા. ॥૧॥

ચંદન-પૂજાનો દુહો.

શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ;
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ. ॥૨॥

પુષ્પ-પૂજાનો દુહો.

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગતસંતાપ;
સુમજંતુ ભવ્યજ પરે. કરિયે સમકિત છાપ. ॥૩॥

ધૂપ-પૂજાનો દુહો.

ધ્યાનઘટા પ્રગટાવિયે, વામનયન જિન ધૂપ;
મિચ્છત્ત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મસ્વરૂપ. ॥૪॥

દીપક-પૂજાનો દુહો.

દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુ:ખ હોય ફોક;
ભાવ પ્રદીપ પ્રગટ હુવે, ભાસિત લોકાલોક. ॥૫॥

અક્ષત-પૂજાનો દુહો.

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત વિશાલ;
પૂરી પ્રભુસન્મુખ રહો, ટાળો સકલ જંજાલ. ॥૬॥

નૈવેદ્ય-પૂજાનો દુહો

અણુહારી પદ મેં કર્યાં, વિગ્ગહ ગઇય અનંત;
દૂર કરી તે દીજિયે, અણાહારી શિવ સંત. ॥૭॥

ફલ-પૂજાનો દુહો.

ઇન્દ્રાદિક પૂજા ભણી, ફલ લાવે ધરી રાગ;
પુરૂષોત્તમ પૂજી કરી, માગે શિવફલ ત્યાગ. ॥૮॥

લૂણ ઉતારણું

॥ ગાથા ॥

લૂણ ઉતારો જિનવર અંગે, નિર્મળ જળ ધારા મનરંગે-લૂ૦૧
જેમ જેમ તડ તડ લૂણજ ફૂટે, તેમ તેમ અશુભ કર્મ બંધ-
તૂટે-॥ ૨ ॥

(એ ગાથા કહી લૂણ અગ્નિમાં નાખવું. પછી બીજુ લુણ લઇને નીચે પ્રમાણે બોલવું.)

નયન સલૂણાં શ્રી જિનજિના, અનુપમ રૂપ દયારસ ભીનાં-લૂ૦૩
રૂપ સલૂણ જીનજીનું દીસે, લાજ્યું લૂણતે જળમાં પેસે-॥૪॥

ત્રણ પ્રદક્ષિણા દેઇ જળ ધારા, જલણ ખેપવીએ લૂણ-
ઉદારા—॥ ૫ ॥
જે જિન ઉપર દુમણો પ્રાણી, તે એમ થાજો લૂણ જ્યું-
પાણી—॥ ૬ ॥
(એમ કહીને લૂણને જળની વાડકીમાં નાખવું પછી હાથમાં—
ધૂપ લઈને)
અગર કૃશ્નાગરૂ કુંદરૂ સુગંધે, ધૂપ કરીજે વિવિધ પ્રબંધે લુણ૦
(એ ગાથા કહીને અગ્નિ ઉપર ધૂપ પ્રક્ષેપવો)

આરતી.

જય જય આરતી આદિ જિણુંદા;
નાભિરાયા મરૂદેવીકો નંદા. જય૦ ૧
પહેલી આરતી પૂજા કીજે;
નરભવ પામીને લહાવો લીજે. જય૦ ૨
દુસરી આરતી દીન દયાળા;
ધુળેવા મંડપમાં જગ અજુવાળા. જય૦ ૩
તીસરી આરતી ત્રિભુવન દેવા;
સુર નર ઈન્દ્ર કરે તોરી સેવા. જય૦ ૪
ચોથી આરતી ચઉગતિ ચૂરે;
મનવાંછિત ફળ શિવસુખ પૂરે. જય૦ ૫
પંચમી આરતી પુણ્ય ઉપાયો;
મૂલચંદ રિષભ ગુણ ગાયો. જય૦ ૬

મંગલ દીવો.

દીવો રે દીવો મંગલીક દીવો;
આરતી ઉતારીને બહુ ચિરંજીવો. દીવો૦ ૧
સોહામણું ઘર પર્વ દીવાળી;
અંબર ખેલે અમરા બાળી. દીવો૦ ૨
દીપાળ ભણે એણે કુલ અજુવાળી;
ભાવે ભગતે વિઘ્ન નિવારી. દીવો૦ ૩
દીપાળ ભણે એણે એ કલિકાલે;
આરતી ઉતારી રાજા કુમારપાલે. દીવો૦ ૪
અમ ઘર મંગલિક તુમ ઘર મંગલિક;
મંગલિક ચતુર્વિધ-સંઘને હોજો. દીવો૦ ૫

મંગળીક દીવો ઉતાર્યા પછી નીચેનો કળશ બોલવો.

કળશ

(રાગ-ધનાશ્રી.)

ગાયો ગાયોરે જિન ભવી ભાવ ધરીને ગાયો.
સમકિત શુદ્ધ કરીને સહેજે, શિવ સુખ સંપદ પાયોરે. જિ.
સ્નાત્ર મહોત્સવ વિધિ એમ કરતાં, કુમતિ મિથ્યાત્વ ગમાયો;
ભાવ સહિત જે જિનવર પૂજે, તસ હાથે જિનપદ પાયોરે. જિ.
શ્રેણિક કૃષ્ણ સત્યકી વિદ્યાધર; કોણીક નરપતિ રાયો;
ઇત્યાદિક જિન પૂજા પસાયે, તીર્થંકર પદ પાયોરે. જિ.

જેણે નરભવ શ્રાવક કુળ પામી, જિનવર ગુણ નવી ગાયો;
જેણે જિનરાજની સેવા ન કીધી, સો જનની કાં જાયો રે જિ૦
ત્રણ ભુવન મન વાંછિત પૂરણ, સુરતરૂ સમવડ આયો;
મિથ્યા વિષ ચૂરણ પ્રભુધ્યાતા, સમકિત સુયશ સવાયોરે જિ૦

॥ ઇતિ ॥

(એ પ્રમાણે કહીને પછી શાન્તિ કળશ કરવો. તે ન્હવણના જળવડે એક કળશમાંથી અખંડ ધારાયે કુંડીમાં એક નવકાર તથા મોટી શાન્તિ બોલતાં કરવો.) પછી (હાથ જોડીને) પ્રભુ સન્મુખ સર્વેએ ઉભા રહીને નીચે પ્રમાણે બોલવું.

आज्ञा हीनं क्रिया हीनं मंत्र हीनं च यत्कृतम् ।
तत् सर्वं क्षमय देव ! प्रसीद परमेश्वर ! ॥१॥

ઇતિ શ્રી સ્નાત્ર વિધિ.

સમાપ્ત.

શ્રી જિન મન્દિરમાં પ્રવેશ.

દેરાસરમાં પેસતાં પ્રથમ 'નિસીહિ' કહેવી. છેટેથી પ્રભુનું મુખ જોતાં ભક્તિપૂર્વક બે હાથ ભેગા કરી મસ્તકે લગાડી '**નમો જિણાણં**' બોલવું. જ્યાં પ્રદક્ષિણા ફરી શકાય ત્યાં ત્રણ પ્રદક્ષિણા દેવી. પ્રદક્ષિણા ફરતાં અને ફર્યા પછી દેરાસરમાંથી આશાતના ટાળવા બનતું કરવું. પછી મૂળનાયક સન્મુખ જઈ સ્તુતિના શ્લોકો બોલવા. પુરૂષોએ જમણી બાજુ અને સ્ત્રીઓએ ડાબી બાજુએ ઉભા રહેવું. સ્તુતિ બોલતી વખતે પોતાનું અર્ધું અંગ નમાવવું.

પૂજા કરનારે પોતાના કપાલમાં, ગળે, છાતીએ અને નાભિએ—એમ ચાર તિલક કરવાં. પછી બીજી વખત '**નિસીહિ**' કહી દ્રવ્યપૂજામાં જોડાવું.

શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન.

જય ચિંતામણિ પાર્શ્વનાથ ! જય ત્રિભુવન સ્વામી;
અષ્ટ કરમ રિપુ જીતીને, પંચમી ગતિ પામી. ૧

પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીયે;
પ્રભુ નામે ભવભવતણાં, પાતક સબ દહીયે. ૨

ૐ હ્રીં વર્ણ જોડી કરી એ, જપીએ પારસ નામ;
વિષ અમૃત થઈ પરગમે, પાવે અવિચલ ઠામ. ૩

શ્રી મહાવીર પ્રભુનું ચૈત્યવંદન,

સિદ્ધારથ સુત વંદીયે, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુરનરપતિ ગાયો. ૧
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાય; ૨
ક્ષમાવિજય જિનરાયના એ. ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત. ૩

શ્રી આદિનાથ પ્રભુનું ચૈત્યવંદન

જય! જય! નાભિનરિંદ નંદ, સિદ્ધાચલ-મંડણ;
જય! જય! પ્રથમજિણંદ ચંદ, ભવદુ:ખ-વિહંડણ. ૧
જય! જય! સાધુસુરિંદ વૃંદ, વંદિઅ પરમેસર;
જય! જય! જગદાનંદ કંદ, શ્રી ઋષભ જિણેસર ૨
અમૃતસમ જિનધર્મનો એ, દાયક જગમાં જાણ;
તુજ પદ પંકજ પ્રીતધર, નિશદિન નમત કલ્યાણ. ૩

શ્રી શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન

શાંતિ જિનેસર સોલમા, અચિરા સુત વંદો;
વિશ્વસેન-કુલ-નભ-મણિ, ભવિજન સુખકંદો.
મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉરનયરીધણી, પ્રભુજી ગુણમણિ ખાણ. ૨
ચાલીસ ધનુષની દેહડી એ, સમચઉરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

શ્રી સામાન્ય જિનનું ચૈત્યવંદન.

પરમેસર પરમાતમા, પાવન પરમિટ્ઠ;
જય જગગુરૂ! દેવાધિદેવ! નયણે મેં દિટ્ઠ. ૧
અચલ અકલ અવિકાર સાર, કરૂણારસ સિંધુ;
જગતિ જન આધાર એક, નિષ્કારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહી કલ્યા ન જાય;
રામ પ્રભુ જિનધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન.

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુરગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે. ૧
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલતીર્થનો રાય,
પૂરવ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવિયા પ્રભુ પાય. ૨
સૂરજકુંડ સોહામણો એ કવડજક્ષ અભિરામ;
નાભિરાયા કુલમંડણો, જિનવર કરૂં પ્રણામ. ૩

શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન.

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન તુમે ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતા કુલે, બહુ શોભા તુમારી. ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભ લંછન વિરાજમાન, વંદે નરનારી. ૨
ધનુષ પાંચસેં દેહડી એ, સોહીએ સોવનવાન;
કીર્તિવિજય ઉવજ્ઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩

॥ वीतराय नित्यं नमः ॥

સ્તવનાદિ સંગ્રહ

(મંગળાચરણ.)

॥ ધ્રુપદ.॥

પારદશ્વ પરમાતમ, પરમેશ્વર પરમાનંદ,
કંદ નંદા નંદ ચંદ, નંદા નંદન શ્રી જિનંદ–પારદશ્વ૦
તાર તારક તરણુ તારણુ, ધાર ધારક ગુણુકર;
વિતરાગ લય લાગી, જિનવર જગનાથ ઈશ્વર– „
જિવ રંજન દુઃખભંજન, મોહ ગંજન સુખકર;
દેવ દેવ પરમેષ્ઠિ, આતમ વલ્લભ શિવવર– „
(શ્રીમદ્ વિજય વલ્લભસૂરીશ્વરજી)

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(રાગ–કલ્યાણુ તાલ ત્રિતાલ.)

પારસનાથ આધાર, મેરો પ્રભુ પારસનાથ૦
આ ભવ પરભવ વંછિત પૂરો, શિવપદ કો આધાર.
મેરો પ્રભુ૦
વામારે જીકો નંદન નીરખી, તે પામ્યા ભવપાર;
કહેત શામળદેવ આશા પુરો મનતણી, સેવકની
કરો સહાય. „

થાટ-યમન (ત્રિતાલ માત્રા ૧૬)

-સ્વર--સા રે ગ મ પ ધની સાં

સ્થાયી

વંદ-ન, પ્રભુ મહા, વી- -ર નિશદિન,
निध प, म प ग म, प ---, प म ग रे,
ત્રિશલા-, નં-દન. ભવભય ભં-જન.
सा रे ग रे, गमपध, प म ग रे, गरेसासा,
રં-જન, સે-વક, પા-લક, તા-રક,-વં૦
निरेगम, पधनीसां, रेंसांनीध, पमगम,-नि०
૦. + ૬ ૨

—: અંતરા :—

વીરજિન-], સે-વા-, સુરપતિ, સમરણ,
गगपधप] सां-सां-, निरेंगरें, सांनीधप,
વિકસિત, શા-કિત-, શા-શ્વત, સુખકર,
गरेंसांनी, धपनिध, प म ग रे, गरेसासा,
ગા-જત, જયજય, તુમપદ, અવિરત-વં૦
निरे गम, पधनीसां, रेंसानिध, पमगम, नि०
૦ + ૬ ૨

॥ રાગ-સારંગ. ॥

પ્રભુ નિર્મલ દર્શન કીજીયે (૨)

આતમ જ્ઞાનકો અનુભવ દર્શન, સરસ સુધારસ પીજીયે-પ્રભુ૦
જસ અનુભવ અનંત પરિયટ્ટા, ભવ સંસાર સહુ છીજીએ-,,

ભિન્ન મુહૂર્ત દરિશન ફરસનથે, અરધ પરિયટ્ટે સીઝીયે–,,
જેહથી હોવે દેવગુરૂ કૂની, ધર્મરંગ અઠ્ઠ મીજીયે–,,
એસો ઉત્તમ દરિશન પામી, પદ્મ કહે શિવલીજીયે–,,

શ્રી મહાવીર જિન સ્તવન.

॥ રાગ–ભુપાલી–ત્રિતાલ. ॥

શુભ ઘડી નૌબત બાજે મંદિર
વીર જનમ ભયો આજે–શુભ૦

અંતરા.

માત ત્રિશલા મન હરખાયે,
દીન-બંદીજન સંકટ જાવે,
ઘર ઘર મંગલ સંગીત ગાવે,
લક્ષ્મી દાન દીન સબજન પાવે,
સેવા કરન સુર ઇંદ્ર આવે–શુભ૦

શ્રી શાન્તિનાથજિન સ્તવન.

॥ સંસ્કૃત–કવ્વાલી ॥

ન જાને કિં ગતં ભાવિ, યદિમાં ત્રાસ્યસે સ્વામિન્ ।
વદન્તિ પંડિતા નિત્યં ભવન્તં તારકં સ્વામિન્ ॥ ધ્રુવપદમ્ ॥
કૃતા શાંતિ સ્ત્વયાગત્યાભિધા શાંતિ ર્ધૃતા તેન ।
તથેદાની મપિ શાંતિં, પ્રવર્ત્ત સ્વાભિતઃ સ્વામિન્ ॥ ન૦ ૧ ॥

ત્વમેવાર્હન્ જિનો બુદ્ધો, હરિ બ્રહ્મા શિવોસિયત્,
ગુણૈર્જન્યેઠભિધાને કો, વિચારો યુજ્યતે સ્વામિન્! ॥ ન૦ ૨ ॥
દૃશા ત્વામેવ પશ્યામિ, નમામિ ત્વાં સ્મરામિ ત્વામ્,
સદા ત્વામેવ પૂજામિ, વિશેષોકતેન કિં સ્વામિન્! ॥ ન૦ ૩ ॥
વિભો ચિન્તેપ્સિતં દાને, ફલં દાતારમેવ ત્વામ્,
સુરદ્રુભ્યોઽધિકં જાને, વદામિ નાનૃતં સ્વામિન્! ॥ ન૦ ૪ ॥
નિજાત્માનન્દ સમ્યત્કૃત, જહિ દુઃખં સુખં દેહિ,
પ્રભો ત્વં વલ્લભો નૃણામિતિ યાચેઽનિશં સ્વામિન્! ॥ન૦૫॥

શ્રીમદ્ વિજય વલ્લભસૂરિ

સાધારણ જિન સ્તવન

॥ રાગ–મહેબુબ મદીનેવાલે. ॥

અયે તીર્થ ચલાનેવાલે, શિવદ્વાર દિખાનેવાલે
વિષ્ટપમેં તુંહી વિધાતા, શંકર માધવ સુખ શાતા;
તુંહી હૈ ભ્રાતા ત્રાતા, અરિવાર હટાનેવાલે–અયે૦
પુરૂષોત્તમ પુરણજ્ઞાની, રહેમાન રામ ગુનખાની,
બુધ બોધિદ સમીહિતદાની, ભવપાર લગાનેવાલે–,,
ઓ સંત સનાતન સાંઈ, **માનિકપે** કરૂણા લાઇ,
શિવ નગરી દિયો દિખાઈ, અધિકાર ધરાને વાલે–,,

(**શ્રી વિજય માણિક્ય સિંહસૂરિ**)

॥ રાગ-ખમાજ. ॥

આજ તો કરોને મહેરબાની, હાંરે પ્રભુ—૦
સમકિત સુખડી આપો પ્રભુજી,
મીઠી અમીરસ માનીરે—પ્રભુ૦
દીનદયા કરી ઠાકુર દીજે,
ચરણુની સેવા તુમારી રે—,,
નીતિવિજય પ્રભુ ચરણુ પસાયે,
સિદ્ધિ વરે સુખકારીરે—,,

શ્રી સાધારણુ જિન સ્તવન.

(રાહ—મીઠા લાગ્યા તે મને આજના.)

મીઠી લાગે છે મને જિનની ઉપાસના
ટાળે એ સઘળા ત્રાસરે, અરિહાની પ્યારી ઉપાસના
—મીઠી૦
અનાદિ કાળના દુષ્ટ અજ્ઞાનનો, નિશ્ચે કરે એ નાશરે
—અરિહાની૦
વેગે વિદારે એ વિષયની વાસના,
કાઢે કષાયની કાશરે—અરિહાની૦
મિટાવી દારૂણુ મિથ્યાત્વ મોહને,
સરજાવે સમકિત ખાસરે—,,
અનુક્રમે જિન માણિક્યની ઉપાસના,
આપે અમૃત આવાસરે—,,

શ્રી સાધારણ જિન સ્તવન

॥ રાગ–ભૈરવી ત્રિતાલ, રાહ–મતજા યોગી. ॥

નાવ કિનારે લગાવ સાંવરિયા.
નદીયાં ગહની નાવ પુરાની, ડૂબત જહાજ તરાવ
—સાંવરીયા૦

અંતરા

જ્ઞાન ધ્યાન સમતા કે સાગર, ભૂલી નૈયાં તરાવ,
અમર લક્ષ્મી સુખ ચાહત સેવક,
ભવ સિંધુ પાર લગાવ—,,

(જૈન શાસ્ત્રીય સંગીત માણિકયમાળા)

શ્રી વૈરાગ્ય પદં

(રાગ–વાગેશ્રી ત્રિતાલ રાહ–કૌન કરત તોરી બિનત)

જાગ મુસાફીર જિંદગી થોરી,
ઓસર બિતી જાય કયા સોવે તું રેન અંધેરી—જાગ૦

અંતરા

તન ધન લક્ષ્મી કામ ન આવે,
ચેતન ચેત તું બાદલ ઘેરી—જાગ૦

(લક્ષ્મીચંદ મોહનલાલ)

વાદી—મધ્યમ—નોટેશન—સંવાદી ષડજ

आरोह—सा नी ध नी सा म ग म ध नी सां

अवरोह—सां नी ध म ग म ग रे सा.

ગાવાનો સમય—મધ્યરાત્રિ

ની　　　　　　　　　　મ

\+ સાં સાં ની સાં રેં, સાં + ધ મ, ની ધ મ ગ, ગ રે + સા,

\+ જા ગ મુ + + , સા + પ્રી ૨, જીં + દ ગી, થો + રી + ,

૦　　　　૩　　　　×　　　　૨

ધ ની સાં સાં, મ ધ ની ધ, મ ધ ની ધ મ, ગ + રે સા,

ઓ + સ ર, બી + તી +, + + + + +, જા + + ય,

મ
ગ મ ધ ની, સાં + સાં સાં, સાં + સાં સાં, ધ ની સાં રેં ની ધ,

ક્યા + સો +, વે + તું +, રે + ન અં, ધે + + + રી +,

અંતરા

ગ મ ધ ની, સાં ની ધ ની, સાં + સાં સાં, સાં રેં ની સાં,

ત ન ધ ન, લ + ક્ષ્મી +, કા + મ ન, આ + વે +,

સાં મં ગં ગં, રેં રેં સાં સાં, ધ ની સાં સાં, રેં સાં ની સાં ધ,

ચે + તન, ચે + ત તું, બા + દ લ, ધે × રીડ ×,

॥ મહાવીર સ્વામિનું પારણું ॥

॥ છોટેસે બલમા મોરે આંગનામેં—રાહ. ॥

માતા ત્રિશલાકે ઘરકે પારણેમેં મહાવીર ઝુલે.
ઝુલે સિદ્ધારથકે દ્વાર, વોતો મહાવીર ઝુલે—માતા૦
સોનેકે પારણેમે હીરકી હૈ દોરી;
રત્ન જડિત હૈ અપાર, વોતો મહાવીર ઝુલે—,,

ઇંદ્ર ઇંદ્રાણી પૂજનકુ આવે; મેરૂ શિખર ન્હવરાય;
જૈન શાસન જયકાર, વોતો મહાવીર ઝુલે—,,
ત્રિભુવન નાયક વીર કહાવે;
દરસ કરત દુઃખ જાય, વોતો મહાવીર ઝુલે—,,

રાજા સિદ્ધારથ ધન દીયંતા;
લક્ષ્મી દેવે વો અપાર, વોતો મહાવીર ઝુલે—,,

રચયિતા.
જૈન ગવૈયા, લક્ષ્મીચંદ મોહનલાલ શાહ.

॥ રાગ-બિહાગ. મન મંદિરના દેવ, ॥

તન મંદિરના દેવ હમારા, સાચા છો સુખકાર;
તરવા ના જાણું ઉપચાર, પરમ સદય તું સુધાર,—તન૦

અંતરા:—

ભવજળ ફરસી ચાર ગતિ, બોધ ન બીજી પાર હતી;
જાણી આજ ઉતરતો પાર, સાચા છો સુખકાર,-તન૦
જાણુ શ્રયે છું આશ ફળી, દેવ તમે હું દાસ વળી;
દેશો ના કસ્તુર વિસાર, સાચા છો સુખકાર,-તન૦

૨

સામાન્ય જિન સ્તવન.

॥ ડેન્સ-કાજળઘેલી આંખલડી કંઇ......રાગ ॥

શેર—

વિષયને અમૃત ગણી, ખોયું મેં આ સંસારમાં;
કોણુ મારગ હું લઉં, કહેશો વચન આચારના,
આતમ કેરી પ્રિતલડી થઇ, ઝળકે તું ઘટમાં,
માનસની વાતલડી જાણે, ઝળકે તું ઘટમાં.-આતમ૦

અંતરા—

ભવિક હૃદયમાં થીર બને છે, એવાં હૈયાં વીર બને છે,
રાગ તણી સાંકલડી તૂટી, ઝળકે તું ઘટમાં,-આતમ૦
આજ મળ્યાં સમતાનાં લોચન, જીવિત થયું એ યોગે શોભન;
આશ ફળી કસ્તુરની જેથી. ઝળકે તું ઘટમાં-આતમ૦

રચયિતા :

શ્રીમદ્ વિજય કસ્તુરસૂરીશ્વરજી.

શ્રી જિન સ્તવન.

॥ ડેન્સ–રસ ઉપવનમાં......એ રાગ ॥

શેર.

હું રૂપનો રાગી પ્રભુ, વીતરાગતા સમજ્યો નથી,
આપનો બનનાર નિજની, જાતને સમજ્યો નથી; ॥૧॥
પર રૂપનો રાગી બની, તુજ રૂપને સમજ્યો નથી,
આતમા ગુણવાન કિંમતી, આપનો સમજ્યો નથી. ॥૨॥
રસ ઉપસમમાં ભળીયે કળીયે, નિજ ગુણના ભંડાર;
રાગ તજ્યા એ રસિક હૃદયના, કરવા પાર વિહાર,—રસ૦

૩

વિમળતાના મુનિપતિ આધાર, ગયો છે દ્વેષ ને મોહવિકાર,–,,
વાસ વસી નિજ ભાવ રસીલા, પરના ભાવ હટાવે;
દોષ ભરી દુઃખની દુનિયાને, ત્યાગી ત્યાગ બતાવે,
સુખ સાગરના સંચારે કસ્તુર, પુનિત દશાના ધાર—રસ૦

શ્રી સિદ્ધાચળ તીર્થ સ્તવન.

(ડેન્સ–મને કાંકરી વાગે)

સાખી.

દર્શન સિદ્ધાચળતણાં, પામે જે નરનાર;
કર્મ ખપાવે ચીકણાં, સાધે જીવન સાર.
જાવું છે વિમળાચળની વાટ, ભવ તરવા કાજે,
ન્હાવું છે સૂરજકુંડને ઘાટ, ભવ તરવા કાજે.–જાવું૦

સીધ્યા અસંખીત પ્રાણી, વરીયા શિવ સુંદર રાણી;
જગવી ત્યાં ભક્તિ ધુન પવિત્ર, ભવ તરવા કાજે,—જાવું૦
પૂજીને પ્રભુનાં પગલાં, પાવે પુન્યઈનાં ઢગલાં;
અંતરમાં સમક્તિ ભાવે, યાત્રાએ જે નર જાવે,
સાધે છે ઉચ્ચ ગતિનો મેળ, ભવ તરવા કાજે.—જાવું૦

રચયિતા :
ચંદુલાલ અમીચંદ શાહ.

શ્રી વીર જીન સ્તવન.

॥ હંસા માનસના વસનાર–એ રાગ ॥

સાખી.

માનવ આ સંસારમાં. પુદ્દગલ સુખના ખેલ,
પણ સંયમ લીધા વિના, ભવ તરવો મુશ્કેલ. ॥૧॥
સંયમ કેરી પ્રિતડી, કીધી જો પલવાર,
કાપે ભવની પાંખડી, ઉદ્ધારે સંસાર. ॥૨॥

૪

પ્રાણી ઉતરવા ભવપાર, ભાવે વીર પ્રભુ ભજીએ,
સાચો જીવનનો એ સાર, સમજી અંતરથી ભજીયે–પ્રાણી૦
કર્ણોમાં.......ખીલડા,.......ઝીલ્યા.......એ.......કુલડાં;
સમજી સમતારસ સુખકાર, આત્મા ઉંચ્ચ ગતિ વરીયે–પ્રાણી૦
ચંડ કૌશકી બુઝવી બોલ્યા, જ્ઞાનીએ અંતરપટ ખોલ્યા,
ત્યાગી ક્રોધ વિકાર, પ્રભુજી પૂજી ભવ તરીયે;
ત્યાગી કલેશ વિકાર, વ્હાલા વીર પ્રભુ ભજીયે–પ્રાણી૦
મોંઘો માનવનો અવતાર, સમજી અંતરથી ભજીયે–પ્રાણી૦

શ્રી પાર્શ્વ જીન સ્તવન.

॥ તર્જ : મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા. ॥

દેખી શ્રી પાર્શ્વતણી મૂર્તિ અલબેલડી,
ઉજ્વળ ભયો અવતાર રે (૨) મોક્ષગામી ભવથી ઉગારજો,
—શિવધામી ભવથી ઉગારજો,

અંતરા—

મસ્તકે મુગટ સોહે, કાને કુંડળીયા,
ગળે મોતનકા હારરે. (૨) મોક્ષધામી૦
પગલે પગલે તારા, ગુણો સંભાળતા,
અંતરના વિસરે ઉચાટરે. (૨) શિવધામી૦
આપના દર્શિને, આત્મા જગાડયો,
જ્ઞાન દિપક પ્રગટાવરે. (૨) મોક્ષગામી૦
આત્મા અનંતા પ્રભુ, આપે ઉગાર્યા,
તારો ચંદુને ભવપારરે;
તારો સેવકને ભવપારરે. (૨) શિવધામી૦

નેમ રાજુલ સંવાદ.

॥ તર્જ : લેશો નિશાસા પરણેતરના ॥

પરણ્યા વિના સ્વામિ ન જાઓ, રાજુલ વિનવે નેમ,
પીયુજી પાછા વળો.

રડતી મુકીને રીસાઈ ચાલ્યા, તોરણીએથી કેમ ?–પીયુજી૦

નેમજી કહે છે રાજુલ સુણજો, નથી તમારો વાંક,
રાજુલ ધૈર્ય ધરો૦
કુંવારા વિયોગ કર્મે લખાયો, છુટે ન પડીયા ટાંક,–,
મુજને પરણી સ્વામિ માગો તો, આપું પિતાનું રાજ–પીયુજી૦
માલ ને મિલ્કત આપના ચરણે, જીવન તમારે કાજ–,,
નેમજી ભાખે અબળા ન પરણું, સંયમ લઇશું આજ રાજુલ૦
આત્મ સિદ્ધિથી અમે ભોગવશું, ત્રણ ભુવનનું રાજ–,,
આઠે ભવે તમે રાખી છે પ્રિતડી, નવમે તજો ના પ્રાણ–પીયુજી૦
સ્વામિજી થઇને સુખ ભોગવીયા, અનુભવથી નિધાન–,,
આઠે ભવોની પ્રિતડી સાચી, નવમે પુરૂં હું કોડ–રાજુલ૦
સંયમ લઇને સાથે વિચરીગે, પામીશું સુખ અજોડ,
રાજુલ ધૈર્ય ધરો. ૭

(પ્રાર્થના.)

॥ સંપૂર્ણ જગતમાં ઈશ્વર એકજ એ રાહ ॥

સંપૂર્ણ જગતમાં એક તું મહાવીર, ઈતર સર્વ અધુરા;
વિતરાગ સુજ્ઞાની આપજ છો, અવગુણ અજ્ઞાની અધુરા–સંપૂર્ણ૦

—: અંતરા :—

કોઈના જીવનમાં દ્વેષ દીઠા, (૨) કોઇમાં મિથ્યા અભિમાન–,,
કોઇ ધનઘેલા કોઈ મનમેલા, કોઇ તનઘેલા કોઇ વિષઘેલા;
કોઇને પ્યારાં છે માન,–પુરણ સર્વે પ્રભુ આપજ છો;
ચંદુ અમ જ્ઞાન અધુરાં–સંપૂર્ણ૦

(રાગ-ભૈરવી.)

તુમરી શરણુમેં આયોરી...........પાર ઉતાર.

લાખ ચોરાશી જુનમેં ભટકયો, દુઃખ અનંતમેં પાયોરી-પાર ઉતાર૦
કુગુરૂ કુદેવ કુધર્મમેં રાચી, વિરથા હી જનમ ગુમાયોરી—,,
કરમ ભરમ સબ દૂર નિવારો, રાગ દ્વેષ દુઃખ દાયોરી—,,
સુમતિનાથ પ્રભુ સુમતિ દીજે, દર્શન મન હુલસાયોરી—,,
દીલ્હી શહેરમેં દર્શન પાયો, વલ્લભ આતમરાયોરી—,,

શ્રી પાર્શ્વ જિન સ્તવન

(રાગ-કાફી કાયાકા પીંજરા ડાલે.)

જીનરાજ નામ તેરા રાખું હમારે ઘટમેં,
જાકે પ્રભાવમેરા અજ્ઞાનકા અંધેરા
ભાગ્યા ભય ઉજારા—રાખું૦
મુદ્રા પ્રમોદ કારી, પ્રભુ પાર્શ્વજી તીહારી
મોહે લગત હય પ્યારી—રાખું૦
સુરત તેરી રાગે, દેખ્યા વીભાગ ત્યાગે
અધ્યાત્મ રૂપ જાગે—રાખું૦
ત્રિલોકી નાથ તું મહી
મેં હું અનાથ ગુણુ હી
કરીએ સનાથ, હમ હી—રાખું૦
જીનજી તીહારી સાખે જીનહર્ષસૂરીભાષે
દીલમાંજ યેહી રાખે—રાખું૦
—જીનરાજ

(ડેન્સ : ચટકે મટકે.........રાહ)

શેર

સૌ સ્નેહથી આજે પ્રભુ, શ્રી વીરને વંદન કરો;
દુઃખો બધા ટાળી વિભુ, અમ હૃદયમાં આનંદ ભરો.
તનથી મનથી ધનથી ચિત્તથી, રટીએ શ્રી વીર જીનેશ્વરને,
જેથી જનમ મરણ ટળી જા....ય. — તનથી.

શેર

મહાવીર નામ તારૂં, હું ચિત્તમાંહી ધારૂં;
અંતર મેલ ટાળી. પ્રગટે જ્ઞાન ઉજીયાળુ.
ચિત્તથી દ્રવ્યથી ધનથી આકૃતિથી, ભજીયે શ્રી વીર જીનેશ્વરને,
જેથી ભવ ભવનાં દુઃખ જા....ય. — તનથી.

(રાહ–સાજન સુન સપનેકી બાત)

શ્રી શિતલ ઝાલો હમ હાથ, જીનજી...હો....શ્રી શિતલ
જીમ જીમ તુમ હમ, નામ દિલોમેં,
લાવે જીમ આનંદ વરસાદ–જીનજી હો
મોરે સ્વામિ, રસીલી તોરી પામી, સુરતિ ગુણ ધામી;
આજ તો નાથ ભાગ્યે મીલી, જીનજી હો–શ્રી. શિતલ
દિલ મિલાકર, જ્ઞાન દિલાકર, દેદો ધર્મકી રીત,
આજુ બાજુ પર સુપાર્શ્વ સોહે, વાસુ પૂજ્ય જીનંદ,
કેસર પુષ્પસે કીજે અર્ચન, કરીયે ભજન સુખકાર;
ભવિયાં ! પલ પલ ઝપો જીનરાજ—જીનજી હો–શ્રી.

સાખી

આત્મ કમલ લબ્ધિ મિલે, જીન જીન ઝાપ સુરંગ;
શ્રી જીન ભક્તિ મન ભલી, કરે અનંગનો ભંગ.
ભવિયાં પામે શિવપુર સાત–જીનજી....હો....શ્રી૦

—૦—

સામાન્યજીન સ્તવન

(ડેન્સ -રાગિની મિશ્ર પહાડી–કહરવા દાદરા)

પ્રભુકો ગાયા અણુમોલરે, ધારી દિલમે ધારી (૨)
જીનવર ક્યા હે ગુણુકે લચ્છે, તારક પ્રભુ હૈ અચ્છે અચ્છે,
આવો ગા લો ગુણુ રે, ધારી દિલમેં ધારી (૨) પ્રભુ૦
હે નાથ મેરા અણુમોલ, જય જય પ્રભુકી બોલ,
ગુણુ ગણુકા બાજે ઢોલ, ભવિ દિલકો અપને ખોલ.
૧–૨–૩–૪ પ્રભુ૦

સબ દેવનમેં જીવજી સુહાવે, ભવિ જીવોકે દિલકો રિઝાવે,
જીસકા નહીં હૈ મોલ રે, જ્ઞાન ગુણે રંગ રોલ રે–ધારી૦
દેખો દેખો નયનોમેં, કૈસી ભરી જોતીયાં;
યે ભારી ભારી જોતીયાં હૈ. શ્યામ શ્યામ નેનો પર.
ક્યા જોમ આ રહા કલ હૈ ભવિકે દિલો પર,
દેખો દેખો નયનોમેં, કેસી ભરી જોતીયાં;
લબ્ધિ હૈ આલા, રૂપ નિરાલા આનંદ પ્યાલા,
જ્ઞાન કી શાલા, પ્રભુકો ગાયા અણુમોલ રે,
ધારી દિલમેં ધારી–પ્રભુ૦

———

(તર્જ—બની હું પનઘટ પનિહારી)

મનવા જીનવર ગુણ ગાના, શ્રી જીનકે ગુણ ગાના—મનવા૦
ઇસમેં દિલ્લકો ઠાના, શુદ્ધ હૃદયસે ધ્યાના- ,,
સારે ગુણ ગણ રહત જીનંદમેં, હૈ ગુણ જ્ઞાન ખજાના,
આઠો યામ મુઝ ધ્યાન રહત હૈ, શ્રી જીનકે ગુણ ગાના. ,,
રાગ ન ઠાના દ્વેષ ન ઠાના, જગ માયા દૂર ઠાયા,
દુનિયા છોડ વિરાગી જીનવર, ઇસપર તાન લગાના- ,,
પ્રીતિ જોડકર કર્મ ખપાના, શીખો, પાપ મિટાના;
સબ દેવનમેં દેવ હૈ આલા, ઇસમેં દિલકો ઠાના,- ,,
તરનેકા શુદ્ધ માર્ગ યહી હૈ, આત્મ કમલમેં ધ્યાના;
ગુણ ગાયા એ લબ્ધિસૂરિને, શુદ્ધ સ્થાનકો પાના- ,,

—o—

મુંબઇ શ્રી ગોડી પાર્શ્વજિન સ્તવન.

(ગજરા ગુંથ રહતી......એ રાહ)

ગોડી પાર્શ્વનાથકે, શિર ચરણે ઝુકાય.—ગોડી૦
તેરા નામકા પ્રભાવ, સારી આલમમેં હૈ સુના
મનડા મોહ રહા હૈ, શિર ચરણે ઝુકાય;
ગુણ ગાય રહા હય, ,, ,,—પ્રભુ૦
તેરા નહી ભૂલું ઉપકાર, જીસકાપાર નહીપાના,
સમકીત દાન દીયા હૈ, શિર ચરણે ઝુકાય;
મુક્તિબીજ લીયા હૈ, ,, ,,—પ્રભુ૦

પ્રભુ આત્મ કમલમેં ધ્યાના, દિલ સાફ કર શિવઠાના,
સુખ લબ્ધિ પાતા હય. શિર ચરણે ઝુકાય;
શિવપુર જાતા હય, શિર ચરણે ઝુકાય–પ્રભુ૦

॥ રાહ–પુરૂષોત્તમ સમતા છે. ॥

તપ કરીએ સમતા રાખી ઘટમાં,— — તપ૦
તપ કરવાલ કરાલલે કરમાં, લડીએ કર્મ અરિભટમાં,–તપ૦
ખાવત પીવત મોક્ષ જે માને, તે સિરદાર બહુ જટમાં,–,,
એક અચરિજ પ્રતિશ્રોતે તરતાં, આવે ભવસાયર તટમાં–,,
કાલ અનાદિકો કર્મ સંગતિથે, જીઉ પડિયો જ્યું ખટપટમાં–,,
તાસ વિયોગ કરણુએ કરણું, જેણે નવિ ભમીયે ભવનટમાં,–,,
હોય પુરાણુ તે કર્મ નિર્જરે, એ સમ નહિ સાધન ઘટમાં,–,,
ધ્યાન તપે સવિ કર્મ જલાઇ, શિવ વધૂ વરિયે ઝટપટમાં,–,,

—શ્રી તપઃપદ પૂજા—

(રાહ—સચ્ચા સાંઇ હો ડંકા જોર બજાયા હો)

તપસ્યા કરતાં હો ડંકા જોર બજાયા હો– તપસ્યા૦
ઉજમણા તપ કેરાં કરતાં, શાસન સોહ ચઢાયા હો;
વીર્ય ઉલ્લાસ વધે તેણે કારણ, કર્મ નિર્જરા પાયા– ,,
અડસિદ્ધિ અણિમા લઘિમાદિક, તિમ લદ્ધિ અડવીસા હો;
વિષ્ણુકુમારાદિક પરે જગમાં, પામત જયત જગીશા– ,,

ગૌતમ અષ્ટાપદ ગિરિ ચડિયા, તાપસ આહાર કરાયા હો;
જે તપ કર્મ નિકાચિત તપવે, ક્ષમા સહિત મુનિરાયા- ,,
સાડા બાર વર્ષ જીન ઉત્તમ, વીરજી ભૂમિન ઠાયા હો;
ઘોર તપે કેવલ લહ્યા તેહના, **પદમ** વિજય નમે પાયા- ,,

(તર્જ : **સમજી જવાબદારી**)

જિણંદ તારી-સુરતી જિણંદ તારી,
છે આલંબન આધાર, મૂર્તિ જિણંદ તારી.
વરવા શિવસુખ વિસ્તાર, મૂર્તિ જિણંદ તારી. ૧

—: **અંતરા** :—

દૃષ્ટિ યુગલ સમતા રસ ઝીલે, વદન સરોજ વિકાસી,
ઉપજાવે હર્ષ અપાર, સુરતી જિણંદ તારી................છે.
નહિં ખોળામાં નારી નાહિ, હેતી માળા હસ્તે,
નીરાગી એ નિરધાર, સુરતી જિણંદ તારી................છે.
માણિકયસિંહ કહે તુજ મૂર્તિ, (૨) તારણ ભવજલ તરણી; (૨)
દીઠી સુંદર દેદાર....મૂર્તિ

જયંતી ગીત

(તર્જ: તુમપે લાખો સલામ.)

વીર પ્રભુની જન્મ જયંતી આજે ઉજવીયે........(૨)

—: અંતરા :—

ચૈત્ર સુદી તેરસ દિન સારા, ત્રણુ જગતમાં આનંદકારા
જનમ્યા વીર કુમાર, જયંતી આજે ઉજવીયે–(૨)....વીર
ત્રિશલા દેવી નંદન પ્યારા, સિદ્ધારથ કે કુલમેં હારા,
સુખી હુવે નરનાર જયંતી આજે ઉજવીયે.... ,,
ચૌસઠ ઇંદ્રો પ્રેમે આવે, ગણધર મુનિજન પ્રભુ ગુણુ ગાવે,
વરત્યો જય જયકાર, જયંતી આજે ઉજવીયે.... ,,
દીક્ષા લે બહુ પરિસહ સહકે, કઠીન કાર્યો સઘળા દહકે,
પામ્યા કેવળ જ્ઞાન, જયંતી આજે ઉજવીયે.... ,,
સમોવસરણુ દેવોએ ઠાયા, સુરનર તિર્યંચ સઘળા આયા
દીની દેશના સાર, જયંતી આજે ઉજવીયે.... ,,
આત્મ કમલમાં લબ્ધિ સાધી, જયંતની સબ ટાળો ઉપાધિ,
લેવા મોક્ષ દુવાર, જયંતી આજે ઉજવીયે.... ૬

(રાગ—કાફી. સુની પડી રે સિતાર)

નૈયા ડુબીરે સંસાર, અમારા જીવનની....નૈયા
મોહની કર્મે પુન્યાઇ વિસરી, ઉતારો ભવપાર....અમારા
ચોરાશી ભવના સાર અધુરા, વીર પ્રભુજી કરજો પુરા,
ત્રિશાલનંદન અર્જ સુણીને, ચંદુ જીવન ઉદ્ધાર,....અમારા

(તર્જ : કે મારા દીવડીયાની જ્યોત)

કે મારા તુમ દર્શનના કોડ, પ્રભુજી પુરા કરજો આજ,
(કે) મારા ભવનાં બંધન છોડ, આશા પુરી કરજો આજ,
કે મારા તુમ દર્શનના કોડ૦

અવર મિથ્યાત્વી દેવતજ્યા મેં, તુમ ભક્તિના પાઠ ભણ્યા મેં,
(મારા) અંતર પ્રગટે જ્યોત, વિનંતી ધ્યાને ધરજો આજ,
કે મારા તુમ દર્શનના કોડ૦

તુમ સેવાની પ્રિત જો જાગી, ભવ ઉધ્ધારક વીણા વાગી,
(બાબુ) જ્ઞાન ચક્ષુની ખોડ, મારી પુરી કરજો આજ,
કે મારા તુમ દર્શનના કોડ૦

(તર્જ : આતો લાખેણી લજ્જા)

આતો લાખેણી આંગી કહેવાય, શોભે જિનવરજી (૨)
શુદ્ધ કેશર કસ્તુરી બ્હેકાય, શોભે જિનવરજી

—: અંતરા :—

પુષ્પ પાંખો પ્રસરેલી તે, સુંદર સોહાય, શોભે જિનવજી–આતો

ભાવ અંતરના દર્શનથી, નિર્મલ રહે,
મૂર્તિ દેખીને અંતરપટ, ભક્તિ વહે,
જાણે જ્યોતિમાં જ્યોતિ મિલાય, શોભે જિનવરજી–આતો

જ્ઞાન ઉપજે છે ભકિતની ઓથે રહી;
જ્યોતિ પ્રગટે છે આત્માની શકિત ગ્રહી,
ચંદુ વિનંતી ધ્યાને લેવાય, શોભે જીનવરજી—આતો.

(તર્જ : જવા દે જવા દે)

લગાદે લગાદે કિનારે કિનારે, લગાદે તું નૈયા કો સામે કિનારે

—: શેર :—

એ નાથ ઇસ સંસારમેં, ઢુંઢું અનાદિસે તુઝે ।
સર્દાર મેં નાદાન હૂં, આઝાદી બક્ષો અબ મુઝે ।
જિન્દગી મેરી બિના તુઝ, બંદગી બેકાર હૈ ।
કરુણા નજરસે જો નિહારે, દાસ ખેવા પારહે । લગાદે ॥૧॥

હે આર્જુ હરદમ મેરી, તુમ ધર્મકી ઇ શર્ણ હો ।
ટલ જાય દુનિયાકી દશા, તુમ નામ મેરે કર્ણ હો ।
જિનરાજ હે કરુણાનિધે તુમ ધ્યાનસે ભવ તર્ણ હો ।
વલ્લભ ગુરુ સંસાર તારક, હૃદયકા આભર્ણ હો । લગાદે ॥ ૨ ॥

આનંદ સિંધુ લક્ષ્મી દાતા, હર્ષ કે ભંડાર હો ।
હે જગતવલ્લભ વિશ્વબંધુ, સર્વ કે આધાર હો ।
ક્રાંતિ તેરી હંસ જૈસી, વિશ્વમેં વિસ્તાર હો ।
એક ઝલક ઉસકી બક્ષ મુઝકો, નાથ બેડા પાર હો । લગાદે ॥ ૩॥

(રાગ—મિશ્ર ઝીંઝોટી. તાલ, દાદરા, કિત ગયે હો)

તાત તુમ છો તારણહાર, મોહે તારીયે....તાત૦

—: શેર :—

શાન્તિ જીનેશ્વર સાંભળો, વાલમ મેરી વાત,
ટાળો ભવનો આંબળો, ઘાતિનો કરી ઘાત,
વિભુ કરુણા રસ ભંડાર, મોહે તારીયે....તાત

—: ચાલ :—

વિષ્ટપ માણુક જિન વિશરામી,
આપ વિના એ અંતરજામી, કૌન કરે ભવપાર,
મોહે કૌન કરે ભવપાર (૨) મોહે તારીયે....તાત

—o—

(તર્જ : ભણી ગણીને ભાષણ)

ભમી ભમીને ભવસાગરમાં, જન્મ ડુબ્યા ત્યારે,
કે ભવથી પાર કરશે કોણ ?
અમે તમે તો સાથ રમેલા, ભૂલી જશો ત્યારે,
કે ભવથી પાર કરશે કોણ ?

—: અંતરા :—

પાપ હમારા ક્ષમા કરીને, હવે પ્રભુ ઉગારો,
ભાવ ધરીને સેવા કરતાં, સફળ બને જન્મારો
જ્ઞાની વિણ મુજ પાપ પુન્યનાં, પ્રશ્ન ઉકેલે કોણ ?
(કે) ભવથી પાર કરશે કોણ ? (૨)–ભમી

નાથ નગીના નેમ પ્રભુજી, આપ વસ્યા ગિરનારે,
દયા કરીને સેવક ઉપર, અમી સીંચશો કયારે ?
ચંદુ (સેવક) ઝુકે આપ ચરણુમાં, આત્મ ઉદ્ધારે કોણુ ?
(કે) ભવથી પાર કરશે કોણુ ? (૨)–ભમી

(તર્જ : અજબ જીંદગી અહીની થઈ)

અજબ મૂરતી મહાવીર કેરી, નીરખી નયનાં ઠરે,
ભાવથી સાચી ભકિત મળે–એ ટેક
દિન આખો ચિત્ત ચીન્તા વેઠી, વીરના દર્શન કરે....ભાવથી૦
વિતરાગી એ તો ભવતારક, વીરની સેવા છે સુખકારક.
અંતરમાં જો જ્યોત જાગી તો, જીવ્યું જીવતર ફળે....ભાવથી૦
અમ સેવક, ને એ છે તારક, કર્મ નિવારક, ને ઉદ્ધારક.
ત્રિસલાનંદન બાંહ્ય ગ્રહે તો, સેવક ફેરા ટળે....ભાવથી૦

(તર્જ : સખીરી મટકી ફોડી જાય)

—: શેર :—

પીઠભર લલના તજી, દીધાં વરસી દાન,
